## જાહેરાત

સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ શાખા,જિલ્લા પંચાયત બનાસકાંઠા દ્વારા જિલ્લાની કાર્યરત આંગણવાડી કાર્યકર અને તેડાગર,ની જગ્યાઓ અંગે ઓનલાઈન ભરતી માટેની જાહેરાત સને.૨૦૨૩/૨૪

આઈ.સી.ડી.એસ શાખા, જિલ્લા પંચાયત બનાસકાંઠા હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર અને તેડાગરની માનદવેતનથી નિમણુક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત.

(અરજી માટે વેબસાઈટhttps://e-hrms.gujarat.gov.in)

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકરની હાલની ખાલી જગ્યા/ સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલની ખાલી જગ્યા/ સંભવિત ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧૪ | ૨૭ | ૧૩૧ | ૬૩૪ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેની મામલતદારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

- અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ.

- આંગણવાડી કાર્યકર અને તેડાગરની માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

- અરજી માટે વેબસાઈટhttps://e-hrms.gujarat.gov.inઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન ૨૩ માં [તા.૦૭/૧૧/૨૦૨૩ રાત્રે ૦૦:૦૦ કલાકે (તા.૦૮/૧૧/૨૩ થી શરુ) થી તા.૩૦/૧૧/૨૦૨૩ (રાત્રે૧૨:૦૦ કલાક)] સુધીમાં કરવાની રહેશે.

- ઓનલાઈન અરજીhttps://e-hrms.gujarat.gov.inવેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.

- આંગણવાડી કાર્યકર-૧૦,૦૦૦/- અને આંગણવાડી તેડાગર-૫૫૦૦/- ને મળતુ માનદવેતન પ્રમાણે માનદ સેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. આં.વાડી કાર્યકર અને આં.વાડી તેડાગરની શૈક્ષણિક લાયકાત અનુક્રમે ધોરણ ૧૨ પાસ અને ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતાં ઉમેદવાર અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આં.વાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.

- ઉપરોક્ત ખાલી જગ્યા પૈકી આ કેન્દ્રોમાં આં.વાડી કાર્યકર અને આંગણવાડી તેડાગર માટે ભરતીનો ત્રીજો પ્રયત્ન છે તેવા કેન્દ્રોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

- આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. જે ધ્યાનપૂર્વક વાંચી તથા સમજીને ઓનલાઈન આવેદન કરવાનું રહેશે. ઓનલાઈન આવેદન કરતી વખતે તમામ વિગતો નિયમોનુસાર સાચી અપલોડ કરવામાં આવતા ડોકયુમેન્ટ સુવાચ્ય અને નિયત નમૂના અનુસારના હોવા જોઈશે. જો કોઈ પણ સ્તરે અરજદાર દ્વારા આપવામાં આવેલ વિગતો ખોટી અથવા અસ્પષ્ટ હશે તો તેઓની અરજી રદ્દ કરવાને પાત્ર થશે અને આ અંગે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

- વધુ માહિતી માટે બનાસકાંઠા જિલ્લાનાં સંબંધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી (ICDS), કચેરીનો સંપર્ક કરવો.

Swapnil Khare

જીલ્લા વિકાસ અધિકારી

જિ.પં.બ.કા.પાલનપુર

Signature valid
Signed by: Swapnil Khare
District Development Officer
Date: 2023.11.06 18:10:58 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign